Extra No. 353

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] FRIDAY, NOVEMBER 21, 2025 / KARTIKA 30, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બોડેલી-યુનિટ-૧૦-૨૦૨૫.

બોડેલી નગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ની કલમ-૬ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૯ (સને ૨૦૧૪નો ગુજરાતનો ૨૧ મો)થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ(ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭ મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ KV/302 of 2025/UDUHD/MSM/MPMLA/18/2024/0856/M તા.21/08/2025 થી છોટા ઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ગ્રામ પંચાયત તથા તેની આસપાસની ગ્રામ પંચાયતોના વિસ્તાર ભેળવીને બોડેલી નગરપાલિકાની રચના કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ KV/325 of 2025/UDUHD/MSM/MPMLA/18/2024/0856/M, તા.09/09/2025 (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) બોડેલી નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ના સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આંકડાના આધારે બોડેલી નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ ૨૮ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ તેમજ આ વર્ગની સ્ત્રીઓ સહિતની અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ-૨ના ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/325 of 2025/UDUHD/MSM/MPMLA/18/2024/0856/M, તા.09/09/2025 થી નક્કી થઈ આવેલ વોર્ડોની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ની સંખ્યા ધ્યાને લઈ અધિનિયમની કલમ-૬ અને ૭ ની જોગવાઈ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો, ૨૦૧૪ (જેનો હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ના વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતી ૨૮૩૫૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતી ૪૦૫૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે નગરપાલિકાના કોઈ વોર્ડમાં વસતી ૧૦% ની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલરો ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડ બે બેઠકો સ્ત્રીઓ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બાકીની બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ અથવા બિન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાની થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓની વસતીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમમાં આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકામાં અનુસૂચિત જાતિ માટે કુલ-૧ (એક) બેઠક (અ.જા વર્ગની સ્ત્રી શૂન્ય બેઠક સહિત) અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. સને ૨૦૧૧ની વસતીગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત જાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી	અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૭૪૦	૧૮૮	૫.૦૩	૧
૨	૫	૩૭૨૬	૧૫૨	૪.૦૮	૨
૩	૪	૩૯૮૬	૧૩૦	૩.૨૬	૩
૪	૨	૪૧૫૨	૧૩૨	૩.૧૮	૪
૫	૭	૪૦૫૫	૧૧૦	૨.૭૧	૫
૬	૩	૪૩૯૭	૮૯	૨.૦૨	૬
૭	૬	૪૨૯૭	૫૨	૧.૨૧	૭
કુલ		૨૮૩૫૩	૮૫૩		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ માં ફાળવવામાં આવે છે.

અ.નં	ખાસ ક્રમાંક	વોર્ડ નં	ફાળવેલ બેઠક
૧	૧	૧	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકામાં અનુસૂચિત આદિજાતિની કુલ-૫ (પાંચ) બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે પૈકી ૨ બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે.

સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો વોર્ડોને ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૪	૩૯૮૬	૧૧૪૬	૨૮.૭૫	૧
૨	૧	૩૭૪૦	૧૦૧૩	૨૭.૦૯	૨
૩	૭	૪૦૫૫	૧૦૭૬	૨૬.૫૪	૩

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૪	૨	૪૧૫૨	૮૨૭	૧૯.૯૨	૪
૫	૫	૩૭૨૬	૫૫૭	૧૪.૯૫	૫
૬	૬	૪૨૯૭	૪૦૬	૯.૪૫	૬
૭	૩	૪૩૯૭	૩૦૯	૭.૦૩	૭
કુલ		**૨૮૩૫૩**	**૫૩૩૪**		

આમ, અનુસૂચિત આદિજાતિની વસતીની ઊંચી ટકાવારીના ઉતરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક તથા રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.૫.જન.૦૧-૧૨૨૦૨૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪થી નક્કી થયેલ માપદંડો / માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, અનુસૂચિત આદિજાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૪	અનુસૂચિત આદિજાતિ
૨	૨	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	૩	૭	અનુસૂચિત આદિજાતિ
૪	૪	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૫	૫	અનુસૂચિત આદિજાતિ

૧૬. જાહેરનામા અન્વયે કુલ ૮ (આઠ) બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠકો આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. બોડેલી નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસતી, દરેક વોર્ડમાં પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પછાતવર્ગ માટે નીચે પ્રમાણે વોર્ડનો ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પછાતવર્ગની કુલ અંદાજીત વસતી	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૬	૪૨૯૭	૧૮૧૫	૪૨.૨૪	૧
૨	૨	૪૧૫૨	૧૫૦૮	૩૬.૩૨	૨
૩	૪	૩૯૮૬	૧૪૩૦	૩૫.૮૮	૩
૪	૭	૪૦૫૫	૧૨૮૧	૩૧.૫૯	૪
૫	૧	૩૭૪૦	૧૧૧૫	૨૯.૮૧	૫
૬	૩	૪૩૯૭	૧૨૫૮	૨૮.૬૧	૬
૭	૫	૩૭૨૬	૯૪૪	૨૫.૩૪	૭
કુલ		**૨૮૩૫૩**	**૯૩૫૧**		

૧૮. પછાતવર્ગની વસતીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧ થી ૭ માં પછાતવર્ગની બેઠકો ફાળવવાની થાય છે. આથી, મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની વારાફરતી ફાળવણી બાબતના નિયમોના નિયમ-૬(ખ) તથા આયોગના તા.૧૧/૧૨/૨૦૧૪ના આદેશથી નિયત થયેલ માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લેતાં પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

અ.નં	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૧	૬	પછાતવર્ગ સ્ત્રી
૨	૨	૨	પછાતવર્ગ
૩	૩	૪	પછાતવર્ગ સ્ત્રી
૪	૪	૭	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૧	પછાતવર્ગ
૬	૬	૩	પછાતવર્ગ
૭	૭	૫	પછાતવર્ગ સ્ત્રી
૮	૧	૬	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે વર્ગની સ્ત્રી અનામત બેઠક સહિત) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને બોડેલી નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા સીમાંકન નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં દર્શાવ્યા મુજબ બેઠકોની ફાળવણી નક્કી કરવામાં આવે છે અને આ પ્રમાણે વોર્ડોની રચના અને બેઠક ફાળવણીનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સદરહુ આદેશ સામે જાહેર જનતાને કોઈ સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, છોટા ઉદેપુરને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ બોડેલી નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-બોડેલી-યુનીટ-૧૦-૨૦૨૫, તા.૨૧/ ૧૧/૨૦૨૫નું સાંધણ

અનુસૂચિ-૧

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૧, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નં. થી ઘર નં. સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧-૧	૧૨	૧૭૫	૫૭૧	૧ થી ૧૧૭	ભગત ફળીયુ, તલાવડી ફળીયુ, સીમલ ફળીયુ, ડામર ફળીયુ, વજીર ફળીયુ
	૧-૨	૦	૧૩૧	૩૮૦	૧૧૭ થી ૧૮૮	અલીખેરવા ગામ
	૨-૨	૨૪	૮૧	૩૫૭	૧૦૭ થી ૨૨૨	મણીનગર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નં. થી ઘર નં. સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૩	૮૫	૧૬૮	૫૪૨	૧ થી ૮૩	સુખી કોલોની, જલાદીપ સોસાયટી, નર્મદા વસાહત, નર્મદા કોલોની
	૪-૧	૩૩	૫૬	૪૩૨	૧ થી ૧૦૭/ ૧	જનકલ્યાણ સોસાયટી
	૪-૨	૨૫	૮૯	૪૪૬	૧૦૭/૨ થી ૨૧૦/૧	બિહારીનગર, સર્મપણ સોસાયટી
	૬	૯	૩૮	૫૦૩	૧ થી ૮૬	સાધનાનગર, રામનગર
	૩૯	૦	૨૭૫	૫૦૯	૧ થી ૧૧૫	રાજખેરવા
કુલ		૧૮૮	૧૦૧૩	૩૭૪૦		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :- વાયવ્ય ખૂણાના મોજે. મસાબારના સીમાડા થી મોજે. રાજખેરવા ગામના રે.સ.નં.74, ની ઉત્તરે 77, 73, 76 ના પૂર્વ તરફે રે.સ.નં. 80, 81, 88, 89, 90 ની ઉત્તરે રે.સ.નં 5 ની પૂર્વ તરફે રે.સ.નં 3, 6, 7, 8, 10, 9 ની દક્ષિણ દિશા તરફે ખાંડીવાવના સીમાડાથી મોજે. રાજખેરવા ગામના રે.સ.નં.18, 19, 21, 22, 25, 35, 37 ની પૂર્વ તરફે ખાંડીવાવના સીમાડાથી મોજે. અલીખેરવાના રે.સ.નં.210, 275p1, ની દક્ષિણે રે.સ.નં. 209, 212p1, 212p2, 213p1, 213p2, 213p4, 213p5, 224, 224/p1, 224/p3, 4, 138, 139, 1, 335 ની પુર્વે રે.સ.નં. 1 ની પશ્ચિમ તરફે રે.સ.નં. 10 ની વાયવ્ય ખૂણા તરફે રે.સ.નં. 134/p1 ની પશ્ચિમ તરફે રે.સ.નં. 133/p1, 133/p2, 133/p3, 8, 104/p1, 320, 76 ની ઉત્તર તરફે મુખ્ય નર્મદા કેનાલ થી મોજે. ઝાંખરપુરાના સીમાડા તરફથી મોજે. અલીખેરવા ગામના રે.સ.નં. 77/p3, 77/p2, 77/p1, 72/p2, 71p ની ઉત્તરે રે.સ.નં. 66/p1, 65, 33/p5, 33/p4, 33/p2, 33/p1, 32/p2, 32/p1,31 થી પશ્ચિમ તરફે મોજે. અલીખેરવાના રે.સ.નં. 29/બ, 28/p1 ની ઉત્તરે ધાણકીયાના સીમાડા તરફે મોજે. અલીખેરવાના રે.સ.નં 28/p2, 28, 24/p1, 23/p1, 22/p3, 19/p2, 20/p1/p2, 19/p1p1, 19/p1p2 ની ઈશાન ખૂણા તરફ રે.સ.નં. 20/p1p2, 17 ની ઉત્તરે રે.સ.નં. 16 ના ઉત્તર તરફે રે.સ.નં. 15 ની ઈશાન ખૂણા તરફથી મસાબારના સીમાડાથી મોજે. રાજખેરવા ગામના રે.સ.નં.74.

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૨, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૨-૧	૦	૧૨૪	૪૬૭	૧ થી ૧૦૬	મોહનનગર, સમર્પણ સોસાયટી
	૫	૧૭	૪૮	૭૧૪	૧ થી ૨૨૬	સાધના નગર
	૭	૫૦	૫૯	૭૬૨	૧ થી ૧૫૯	ગંગાનગર, નવીનગરી
	૮	૧૩	૮૫	૫૯૧	૧ થી ૧૨૬	જ્ઞાનદિપ સોસાયટી
	૯	૮	૭૦	૪૩૬	૧ થી ૧૪૮	જીવાજીપાર્ક, ગજાનંદ કોમ્પ્લેક્ષ
	૧૨	૦	૨૦૩	૬૦૯	૧ થી ૧૨૦	નિશાલ ફલિયુ, સંજરીપાર્ક, બારીયા ફલિયુ, નાયકાફલિયુ, મેલડીમાતા મંદિર ફલિયુ
	૧૪	૪૪	૨૩૮	૫૭૩	૧ થી ૧૧૫	મોહનનગર સોસા., ગજાનંદપાર્ક, જીવાજી નમ્ર પાર્ક
કુલ		૧૩૨	૮૨૭	૪૧૫૨		

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન:- વાયવ્ય ખૂણાના મોજે. ખાંડીવાવના સીમાડા તરફ થી મોજે. અલીખેરવાના રે.સ.નં. 208/p2 ની પૂર્વ તરફ 208/p2, 208/p1 ની દક્ષિણ તરફે રે.સ.નં. 325 ની પૂર્વે બોડેલી-હાલોલ રોડથી પૂર્વે તરફે મોજે. અલીખેરવાનો રે.સ.નં. 192, 190 ની ઉત્તરે ચાચકના સીમાડા તરફથી મોજે. અલીખેરવાના રે.સ.નં. 191 ની દક્ષિણે રે.સ.નં.190, 189, 188, 187/p, 186, 185, ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.193,

200, 199/p1 ની પશ્ચિમ દિશા તરફ બોડેલી હાલોલ રોડની પશ્ચિમે મોજે. અલીખરેવાના રે.સ.નં. 3 ની રે.સ. 163p, 1, 144, 147 અલીપુરા ચોકડી થી પશ્ચિમ દિશા તરફ રે.સ.નં. 1 ની ઉત્તરે રે.સ.નં.144 ની પશ્ચિમે રે.સ.નં.1 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.324, 215/p3, 215/p2, 214p, 325, 275/p1/1, 208/p2 ખાંડીવાવનો સીમાડો

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૩, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
3	૯	૬૭	૮૯	૫૪૫	૧ થી ૮૦	અગ્રવાલ લોટઘર, બોડેલી તરફ રોડ, અલીપુરા તરફ રોડ, બોડેલી પોલીસ સ્ટેશન, હોળી ચકલા, લક્ષ્મી કોટન રોડ, અમન પાર્ક તરફ રોડ
	૧૪	૦	૧૭	૩૪૦	૧ થી ૭૮	મહાવીર જીનીંગ કોટ, જુની બોડેલી તરફનોન રસ્તો, ભગતવાડી કોટ, શિવ શક્તિ સોસાયટી, ડભોઈ તરફનો રોડ, જુની બોડેલી તરફનો રસ્તો,
	૧૫	૨	૨૯	૬૮૫	૧ થી ૧૭૧	કુમાર શાળા, સોમનાથ સોસાયટી, ભક્ત વાડી, પોલીસ ચોકી, ગ્રીન નગર સોસાયટી મેઈન રોડ.
	૧૬	૦	૨૨	૬૦૧	૧ થી ૧૦૯	કુબેર નગર, સોમનાથ સોસાયટી તરફનો રસ્તો, સુખનગર સોસાયટી, મેઈન બજાર, પીક અપ તરફનો રસ્તો, મોબાઈલ ટાવર, મેઈન બજાર, મેઈન બજાર ની દુકાનો.
	૧૭	૦	૧૨	૫૪૭	૧ થી ૧૩૫	કુબેર નગર સોસાયટી રોડ, બાપુનગરમાં જવાનો રસ્તો, પાણીની ટાંકી.
	૧૮	૦	૨૫	૪૯૮	૧ થી ૨૦૦	અલીપુરા ચાર રસ્તા તરફ નો રસ્તો, બોડેલી ઢોકલીયા પબ્લિક હોસ્પિટલ, બોડેલી કન્યા શાળા, શાક માર્કેટ તરફ જવાનો રસ્તો, મુખ્ય બજાર રોડ, શાક માર્કેટ, બરફના કારખાના વિસ્તાર, રવિ શંકર રોડ.
	૧૯	૯	૦	૩૬૩	૧ થી ૮૧	મુખ્ય બજાર, હોળી ચકલા, ધાણકા વાડા, શાક માર્કેટ, લક્ષ્મી કોટન રોડ, કુમ્ભારવાડા તરફ રસ્તો, રવિ શંકર રોડ, મુખ્ય બજાર રોડ, બાપુ નગર સોસાયટી, નવા બોડેલી.
	૨૦	૧૧	૧૧૫	૮૧૮	૧ થી ૧૮૩	ભગતવાડી, માધવનગર, મેઈન બજાર માં જવાનો રસ્તો, બાપુ નગર સોસાયટી રસ્તો, જમના પાર્ક, ડભોઈ મેઈન રોડ, પાણીની ટાંકી, ગોવર્ધન નગર, ગોપાલ ટોકીજ રસ્તો, કોમ્પલેક્ષ -૧
	૨૧	૦	૦	૦	૦	હરીફાઈ માર્કેટ સંકૂલ, (બીન રહેણાંક)
	કુલ	**૮૯**	**૩૦૯**	**૪૩૯૭**		

વોર્ડ નં.૩ની હદનું વર્ણન:- વાયવ્ય ખૂણા થી મોજે.-અલીખેરવાના સીમાડાના મોજે. બોડેલીના રે.સ.નં. 147/p1 ની પૂર્વ દિશા તરફ મોજે. બોડેલીના રે.સ.નં. 149/p1/p1, 149/p2, 161/અ, 171, 172, 178/અ/p1ના અગ્નિ ખૂણા તરફના મોજે. બોડેલી રે.સ.નં.4 ના દક્ષિણ દિશા તરફ બોડેલી-ડભોઈ રોડ ની દક્ષિણ દિશા તરફ મોજે. બોડેલીના રે.સ.નં.2 ની પૂર્વ દિશા તરફ અલીપુરા ચોકડી થી બોડેલી બજાર તરફ જવાનો રોડ ની પૂર્વ દિશા તરફ મોજે.બોડેલી રે.સ.નં.241 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.5 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.3 ની પશ્ચિમ દિશા તરફ અલીપુરા ચોકડી થી બોડેલી બજાર તરફ જવાનો રોડ ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં. 6, 2 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં. 171 થી ડભોઈ-બોડેલી રોડની ઉત્તર દિશા તરફ રે.સ.નં 171 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં. 161/અ/p, 161/બ, 218, 131/p5, 134/p ની ઉત્તર તરફ રે.સ.નં. 131/p5, 148, 147/p1s.

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૪, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧	૮	૧૧૪	૫૭૭	૦૧ થી ૧૬૯	નિશાળ ફળિયુ, વણઝારા ફળિયુ, પ્રતાપનગર છોટાઉદેપુર રેલ્વે લાઈન, ટેકર ફળિયુ, ઓરસંગ નદી
	૨-૧	૫૩	૮૦	૫૮૨	૦૧ થી ૧૧૬	ભાથીજી મંદિર, જુની બોડેલી, નિશાળ ફળિયુ, જલારામ ટાઉનશીપ સોસાયટી, બોડેલી તરફ, વણઝારા ફળિયુ, ગૌચર ફળિયુ, વડોદરા છોટાઉદેપુર હાઈવે, નર્મદા કેનાલ, પોલીસ લાઈન, ઓરસંગનદી, પ્રતાપનગર છોટાઉદેપુર રેલ્વે લાઈન
	૨-૨	૩૯	૧૭૦	૪૪૩	૦૧ થી ૨૨૬	વડોદરા છોટાઉદેપુર હાઈવે , ગૌચર ફળિયુ, જુની બોડેલી, પોલીસ કોલોની, નર્મદા કેનાલ, નિશાળ ફળિયુ, આંગણવાડી, ભાથીજી મંદિર ફળિયુ, પાઈપ ફેકટરી, જલાદીપ ટાઉનશીપ, વણઝારા ફળિયુ, ગેસ ગોડાઉન
	૪-૧	૩	૧૯૮	૫૧૨	૧ થી ૧૦૮	નાયક ફળિયુ, જૈન મંદિર તરફ રસ્તો, ગુરૂકૃપા ઈન્ડસ્ટ્રીઝ, ગુરૂકૃપા ફેકટરી, રાજેશ ફેકટરી, જુની બોડેલી તરફ રોડ, બોડેલી તરફ રોડ, રેલ્વે લાઈન
	૪-૨	૬	૫૩	૩૪૧	૧ થી ૧૭૩	ભોઈવાડ, રેલ્વેલાઈન, બોડેલી હાઈવે તરફ, પોલીસ લાઈન તરફ, જુની બોડેલી તરફ, ગોલ્ડન પાર્ક, લક્કડ પીઠું
	૪૧	૧૦	૨૬૫	૭૧૮	૧ થી ૧૪૪	નાયકા ફળિયુ, પટેલ ફળિયુ, મંદિર ફળિયુ, નદી ફળિયુ, નિશાળ ફળિયુ
	૪૨	૧૧	૨૬૬	૮૧૩	૧ થી ૧૭૬	નાયકા ફળિયુ, બારીયા ફળિયુ, જૈન મંદિર, પટેલ ફળિયુ, નર્મદા વસાહત, સરકારી પ્રા, શાળા, પેટ્રોલ પંપ
કુલ		**૧૩૦**	**૧૧૪૬**	**૩૯૮૬**		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન:- વાયવ્ય ખૂણાથી નર્મદા મુખ્ય કેનાલની ઉત્તરે આવેલ મોજે.અલીખેરવા ગામના સીમાડાના મોજે. ઝાંખરપુરા ગામના રે.સ.નં.332 થી પૂર્વ દિશા તરફ જતાં મોજે.અલીખેરવા ગામના સીમાડાના મોજે.ઝાંખરપુરા ગામના રે.સ.નં.47, 48, 9005, 56, 55, 54, 57, 58, 68, 69, 71, 70 ની દક્ષિણ દિશા તરફ જતાં મોજે.અલીખેરવા ગામના સીમાડા તરફના મોજે.ઝાંખરપુરાના રે.સ.નં.74, 76, 77, 78 ની દક્ષિણ દિશા તરફ નર્મદા મુખ્ય કેનાલ ડભોઈ- છોટાઉદેપુર રોડ સુધી ત્યારબાદ દક્ષિણ દિશા તરફ આવેલા મોજે. બોડેલી ગામના રે.સ.નં.133p2ની પૂર્વે દિશા તરફ આવેલા મોજે. બોડેલીના રે.સ.નં.131p4, 131p3, 156, 156p1, 210, 211 ની દક્ષિણ દિશા તરફ આવેલ મોજે. બોડેલીના રે.સ.નં.171/1, 169, 196, 216 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં 202/1 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં 218/p2 પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વેલાઈન સુધી ત્યારબાદ પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વેલાઈનની દક્ષિણ દિશા તરફ આવેલ મોજે.બોડેલી ગામના રે. સ. નં. 197, 49 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં 7, 1, 2, 3 ની દક્ષિણ દિશા તરફ આવેલ મોજે.બોડેલી ગામના રે.સ.નં. 4, 5, 9, 14, 30 ની પૂર્વે દિશા તરફ મોજે. બોડેલીના રે.સ.નં.29, 28, 24 ની ઉત્તર દિશા તરફ મોજે.બોડેલીના રે.સ.નં.17 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં. 24 ની દક્ષિણ દિશા તરફ મોજે. બોડેલીના રે.સ.નં.20, 21, 22p ની પશ્ચિમ દિશા તરફ ઓરસંગ નદીનો પટ વિસ્તાર મોજે.બોડેલી ગામના રે.સ. નં.22p, 25, 26, 27/p2, 29, 32, 36, 61 ની દક્ષિણ દિશા તરફ મોજે. બોડેલીના રે.સ.નં.60, 206, 62 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં 206 થી નર્મદા મુખ્ય નહેર સુધી ત્યારબાદ પશ્ચિમ દિશા તરફ આવેલ ઓરસંગ નદી પટ વિસ્તારના મોજે. બોડેલી ગામના રે.સ.નં.84p1 ની પશ્ચિમ દિશા તરફ મોજે.ઝાંખરપુરાના રે.સ.નં.1, 231, 232, 240, 241, 245, 243, 246, 248, 247, 256, 257, 258, 259, 260, 263, 264, 266, 267, 268 ની ઉત્તર દિશા તરફ મોજે.કડીલાના સીમાડા બાજુના મોજે. ઝાંખરપુરાના રે.સ.નં.269 ની ઉત્તર દિશા તરફ મોજે. ઝાંખરપુરાના રે.સ.નં.281 ની ઉત્તરે પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વેલાઈન સુધી

ત્યારબાદ ઉત્તર દિશા તરફ મોજે.કડીલાના સીમાડા બાજુના મોજે. ઝાંખરપુરાના રે.સ.નં. 285, 289, 290 થી પશ્ચિમ દિશા તરફ મોજે.કડીલાના સીમાડા બાજુના મોજે. ઝાંખરપુરાના રે.સ.નં.291 ની ઉત્તર રે.સ.નં.292, 304 ની પશ્ચિમ દિશા તરફે રે.સ.નં. 305, 306 ની ઉત્તરે દિશા તરફ રે.સ.નં.321 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.322 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.323ની ઉત્તરે રે.સ.નં.318, 335, 324ની ઉત્તર દિશા તરફ ડભોઈ-બોડેલી રોડની ઉત્તર દિશા તરફ મોજે.કડીલા ગામના સીમાડા તરફ મોજે. ઝાંખરપુરા. સ.નં.325, 23, 22, 34, 35, 45, 40, 39, 342ની ઉત્તર દિશા તરફ નર્મદા મુખ્ય કેનાલની ઉત્તર દિશા તરફ મોજે. અલીખેરવા ગામના સીમાડા તરફ મોજે.ઝાંખરપુરા રે.સ.નં.332.

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૫, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩	૦	૫૭	૭૦૫	૧ થી ૧૪૨	નર્મદા કેનાલ, શાળા , વડોદરા છોટાઉદેપુર તરફ રોડ, જોગાજીફ, મોહનભાઈ, ગેસ ગોડાઉન, જૈન મંદિર, ઓરસંગ નદી કિનારો, ફેક્ટરી, રામજી મંદિર
	૭	૧૭	૧૪૮	૫૯૮	૧ થી ૧૯૦	પટેલ કમ્પાઉન્ડ-૧, પટેલ કમ્પાઉન્ડ-૨, કિષ્ણામીલ
	૮	૩	૨૦	૪૭૧	૧ થી ૧૫૧	ગરબી ચોક તરફ રોડ, માર્કેટ રોડ, માર્કેટ સંકુલ, શીરોલાવાલા હાઈસ્કુલ નવીન બિલ્ડીંગ તરફ રોડ, દેવ હોસ્પીટલ
	૧૧	૧૨૬	૨૦૧	૬૨૬	૧ થી ૧૩૪	વાલ્મિકી વાસ, વૈષ્ણવ વાડી, અર્બન બેંક, ખત્રી વિધ્યાલય, બરફનું કારખાનુ, હીરાનું કારખાનુ, ગોડાઉન, કપાસનું જીન, શિરોલાવાલા હાઈસ્કુલ, કિલાચંદ જીન, નદી તરફનો રસ્તો, ભાથીજીનું મંદીર.
	૧૨	૬	૧૧૩	૭૫૦	૧ થી ૨૦૭	મહાવીર જીન, જમના પાર્ક તરફ જતો રસ્તો, તાજ કમ્પાઉડ, તાજ જીન, રેલ્વે સ્ટેશન, પંચાયત ઘર
	૧૩	૦	૦	૩૦૪	૧ થી ૧૨૦	બજાર રોડ , ગાંધી ફળીયા, સ્વામી કમ્પાઉન્ડ , અલ્હાદપુરા રોડ, પિપળા શેરી, બજાર તરફ નો રસ્તો, કેસરબા સોસાયટી, હરીવદન.
	૭૩	૦	૧૮	૨૭૨	૧ થી ૧૫૧	જીન સોસા., ગિરીરાજ પાઈપ ફેક્ટરી, નારાયણ પાઈપ ફેક્ટરી, આનંદ પાઈપ ફેક્ટરી, નારાયણ પાઈપ ફેક્ટરી, સ્પન પાઈપ ફેક્ટરી, ફકરી પાઈપ ફેક્ટરી, મહાલક્ષ્મી પાઈપ ફેક્ટરી,જય અંબે પાઈપ ફેક્ટરી, વિજય પાઈપ ફેક્ટરી
કુલ		**૧૫૨**	**૫૫૭**	**૩૭૨૬**		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન:- વાયવ્ય ખૂણાથી મોજે.બોડેલીના રે.સ.નં.2 થી દક્ષિણ દિશા તરફ મોજે.બોડેલી રે.સ.નં.195 ની પુર્વ દિશા તરફ રે.સ.નં-189, 2 ની ઉત્તર દિશા તરફે રે.સ.નં. 232 ની દક્ષિણ દિશા તરફે રે.સ.નં 2 ની પૂર્વ દિશા તરફે રે.સ.નં.264, 228, 9 ની દક્ષિણ દિશા તરફ પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વે લાઈન ની દક્ષિણે રે.સ.નં 8 ની અગ્નિ ખૂણે રે.સ.નં.1 ની પૂર્વ દિશા તરફે મોજે. ઢોકલીયા રે.સ.નં.9003 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં 10, 84 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં, 9008, 85, 82, 41 ની પશ્ચિમે- ઓરસંગ નદીના કિનારે રે.સ.નં-82, 85 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં-94, 83, 90 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં. 48 ની પૂર્વ દિશાએ મોજે. બોડેલી રે.સં.નં.260 ની ઉત્તર દિશાએ રે.સ.નં. 1 ની ઉત્તર દિશાએ પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વે લાઈનની પશ્ચિમે મોજે. બોડેલી રે.સ.નં. 239 ની ઉત્તર દિશા તરફ મોજે. બોડેલી રે.સ.નં. 202/p1 ની ઉત્તર દિશા તરફ મોજે. બોડેલી રે.સ.નં.211, 210, 209, 220 ની પશ્ચિમે રે.સ.નં.195 ની ઉત્તરે મોજે. બોડેલી ના રે.સ.નં.2.

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૬, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૫	૦	૨૭	૪૦૫	૦૧ થી ૮૪	માર્કેટ રોડ, ગરબી ચોક, સૌરાષ્ટ્ર હોટલની ગલી, ખોજાની ગલી
	૬	૦	૧૯	૬૪૬	૧ થી ૧૩૧	દિવાન ફળિયુ, મુખ્યમાર્ગ પર જવાનો રસ્તો, જૈન મંદિર, ઢોકલીયા તરફ જવાનો રસ્તો, શીરોલાવાલા હાઈસ્કુલ, કરીયાણાની દુકાન, ઓઈલમીલ, સ્ટેશનરીની દુકાન, રામજી મંદિર, પાનનો ગલ્લો, પાણીની ગટર (કોતર)
	૧૦	૦	૦	૪૯૬	૦૧ થી ૧૧૩	લક્ષ્મી કોટન રોડ, વાલમિકી વાસ, કુંભારવાડ, પાણીની ટાંકી રવિશંકર રોડ, સ્ટેશન રોડ, શેખ મહોલ્લો
	૨૨	૪	૭૪	૧૭૦	૧ થી ૧૦૪	સુરજધામ, શીવાપાર્ક
	૨૩	૦	૦	૧૫૯	૧ થી ૪૧	ધાનકવાડા, અમન પાર્ક
	૭૨	૦	૩૦	૫૩૮	૧ થી ૧૨૮	ઢોકલીયા વિસ્તાર
	૭૪-૧	૦	૨૮	૬૮૭	૧ થી ૧૭૪	વર્ધમાન નગર, કુંભારવાડો, રજાનગર
	૭૪-૨	૨૦	૪૧	૫૫૨	૧૭૫ થી ૨૮૮/૨	રજાનગર
	૭૫	૨૮	૧૮૭	૬૪૪	૧ થી ૨૨૭	ઈન્દીરા આવાસ, લક્ષ્મી સોસાયટી
કુલ		૫૨	૪૦૬	૪૨૯૭		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન:- વાયવ્ય ખૂણાથી ડભોઈ - છોટાઉદેપુર રોડની ઉત્તરે આવેલ મોજે. ચાચક સીમાડાના મોજે.ઢોકલીયાના રે.સ.નં.9006 થી પૂર્વ દિશા તરફ જતાં મોજે. ચાચક સીમાડાના મોજે.ઢોકલીયાના રે.સ.નં. 79 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં. 14, 22, 23 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં. 21, 19, 27, 28, 25 થી દક્ષિણ દિશા તરફ રે.સ.નં.26 થી દક્ષિણ દિશા તરફ પ્રતાપનગર - છોટાઉદેપુર રેલ્વે લાઈન ત્યારબાદ પ્રતાપનગર - છોટાઉદેપુર રેલ્વે લાઈન ની દક્ષિણ દિશા તરફ મોજે. ચાચકના સીમાડાથી મોજે. ઢોકલીયાના રે.સ.નં. 9020, 9015, 9010 ત્યારબાદ બોડેલી -છોટાઉદેપુર રોડથી દક્ષિણ દિશા તરફ રે.સ.નં.9007 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.13 થી ઉત્તર દિશા તરફ રે.સ.નં.32 ની પૂર્વ દિશા તરફ બોડેલી -છોટાઉદેપુર રોડથી રે.સ.નં.33, 34 ની દક્ષિણ દિશા તરફ બોડેલી -છોટાઉદેપુર રોડથી દક્ષિણ દિશા તરફ રે.સ.નં.13 ની દક્ષિણ દિશા તરફ બોડેલી - નસવાડી રોડની દક્ષિણ દિશા તરફ મોજે. ચાચકના સીમાડે મોજે. ઢોકલીયાના રે.સ.નં. 35 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.9008,7 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં. 13 ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં-1 ની પશ્ચિમ દિશા તરફ ઢોકલીયા થી બોડેલીના બજારમાં જવાનો રસ્તો જે મોજે.બોડેલીની હદ સુધી ત્યારબાદ પશ્ચિમ દિશા તરફ મોજે. ઢોકલીયા થી ગરબી ચોક થી મોજે. બોડેલી રેલ્વે ગરનાળા સુધીનો રસ્તો ત્યારબાદ મોજે. બોડેલીના રે.સ.નં- 223 ની પશ્ચિમ દિશા તરફ રે.સ નં. 10 ની ઉત્તર દિશા તરફ રેલ્વે લાઈનની ઉત્તર દિશા તરફ રે.સ.નં-3 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં 5 ના ઈશાન ખૂણા તરફ મોજે.ઢોકલીયાના રે.સ.નં.9001 ની ઉત્તર દિશા તરફ ડભોઈ - છોટાઉદેપુર રોડની ઉત્તર દિશા તરફ આવેલ ચાચક સીમાડાથી મોજે.ઢોકલીયાના રે.સ.નં.9006.

બોડેલી નગરપાલિકા, જિલ્લો-છોટાઉદેપુર સૂચિત વોર્ડ નં. ૭, નમૂના નં-૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નં.થી ઘર નં. સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૦	૫	૨૪	૪૫૫	૧ થી ૧૨૯	બોડેલી બસસ્ટેન્ડ
	૧૧	૨૯	૧૧૯	૭૬૩	૧ થી ૧૭૪	કુબેરનગર, ગોકુલ એસ્ટેટ, શ્રીરામ હાઉસિંગ સોસાયટી, શાંતાનગર, રામદેવ મંદિર વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નં.થી ઘર નં. સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૩	૨૭	૮૨	૩૫૦	૧ થી ૮૬	ચંદ્રજ્યોતિ સોસા.,શ્યામકુંજ સોસા.
	૨૭૦	૦	૧૦૩	૭૬૧	૧ થી ૨૨૮	રાજપૂત વાડી, આસીયાના પાર્ક, ડુંગરી ફળીયા, ખત્રી ઈન્ડસ્ટ્રીઝ, શ્રધ્ધા કોટન જીનીંગ, બચ્ચો કા ઘર, મેદાન, હોસ્ટેલ, પાણીની ટાંકી, મસ્જીદ, સંરક્ષણ દીવાલ, ગાયત્રીનગર સોસાયટી, હરીફાઈ માર્કેટ, ઠાકોરજી કોમ્પલેક્ષ, યુનિયન બેંક, પ્રાઈમ બેંક ચાચક, અલીપુરા ચોકડી
	૨૭૧-૧	૧૫	૪૮	૫૬૯	૧ થી ૧૬૧	માલવણ ફળીયા, ઢોલી ફળીયા, મોટા ફળીયા, રેલ્વે લાઈન, બોડેલી થી છોટાઉદેપુર જૂનો હાઈવે રોડ
	૨૭૧-૨	૮	૧૭૭	૪૮૩	૧૫૬ થી ૨૬૮	વેલણ ફળીયા, નવા પટેલ ફળીયા
	૨૭૨	૨૬	૫૨૩	૬૭૪	૧ થી ૨૪૯	ટેકરી ફળીયા, નિશાળ ફળીયુ, મધુવનવાડી, સ્વામિનારાયણ મંદિર, અમૃત હોટલ, કોટનજીન, પાઈપ ફેક્ટરી, કોલેજ ગ્રાઉન્ડ, અંબામાનું મંદિર, રાજપીપળા રોડ, ઢોકલીયા રોડ, બજાર સમિતિ, પંચાયત, મહાદેવ મંદિર, ચંદ્રેશ્વર સોસાયટી, મહાકાળી મંદિર, નાળા ફળીયુ, ઈન્દ્રનગર
કુલ		**૧૧૦**	**૧૦૭૬**	**૪૦૫૫**		

વોર્ડ નં-૭ હદનું વર્ણન:- વાયવ્ય ખૂણાથી બોડેલી - હાલોલ રોડ ની પૂર્વ દિશામાં મોજે. અલીખેરવા રે.સ.નં. 166 ની પૂર્વે દિશાએ રે.સ.નં.170, 195 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.196, 197, 198 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.194 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં.184 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.183, 182, 176 ની ઉત્તર દિશા તરફ મોજે.ચાચક ના રે.સ.નં.26 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.27, 28/1, 28/2, 29, 30/1, 30/2ની પૂર્વ દિશા તરફ મોજે.સીમળીયાના સીમાડે મોજે.ચાચકના રે.સ.નં.31 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.32/1ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.32/2, 33/1/ક ની પૂર્વ દિશા તરફ રે.સ.નં. 33/2, 34/p ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.36, 40/1, 40/2, 42 ની પૂર્વ દિશા તરફ રે.સ.નં.43/2, 43/2ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.44, 45ની પૂર્વ દિશા તરફ રે.સ.નં.46ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.47, 48, 49/1, 51/2, 51/1, 63/p2, 63/p1, 66/1, 67/3, 68/2 પ્રતાપનગર- છોટાઉદેપુર રેલ્વે લાઈનની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.76ની પૂર્વ દિશા તરફ રે.સ.નં.77 ની દક્ષિણ દિશા તરફ રે.સ.નં.78, 79, 80/p1, 80/p2, 80/p3 ની દક્ષિણ દિશા તરફ બોડેલી-છોટાદેપુર રોડની દક્ષિણ દિશા તરફ આવેલ રે.સ.નં.81/1, 81/2, 82, 83/1ની પશ્ચિમ દિશા તરફ ઓરસંગ નદી પટ વિસ્તારના મોજે. ચાચક ગામના રે.સ.નં. 83/2, 83/3, 83/4, 88/1, 88/2, 94, 4 ની પશ્ચિમ દિશા તરફ મોજે. ઢોકલીયા ગામના રે.સ.નં. 45, 86 ની ઉત્તર દિશા તરફ મોજે.ચાચક ગામના રે.સ.નં.4 ની ઉત્તર દિશા તરફ મોજે. ઢોકલીયા ગામના સીમાડે મોજે.ચાચકના રે.સ.નં.97 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.2 ની ઉત્તરે મોજે. ઢોકલીયા ચોકડીથી બોડેલી-છોટાઉદેપુર રોડની ઉત્તર દિશા તરફ રે.સ.નં.3 ની પશ્ચિમ દિશા તરફ મોજે. ઢોકલીયા ચોકડીથી બોડેલી-છોટાઉદેપુર રોડના નૈઋત્ય ખૂણા તરફ રે.સ.નં.254 ની ઉત્તરે રે.સ.નં.૩ ની ઉત્તરે રે.સ.નં.129/1ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.130, 21/4ની ઉત્તર દિશા તરફ પ્રતાપનગર-છોટાઉદેપુર રેલ્વે લાઈનની ઉત્તર દિશા તરફ મોજે. ચાચક રે.સ.નં.123/2 ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.122/1/બ ની પશ્ચિમ દિશા તરફ રે.સ.નં.257, 200, 257s ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.255, 133/અ ની ઉત્તર દિશા તરફ રે.સ.નં.140 ની પશ્ચિમ દિશા તરફ મોજે. બોડેલી ગામના સીમાડે મોજે.ચાચકના રે.સ.નં.1 થી અલીપુરા ચોકડી સુધી. મોજે ચાચકના રે.સ.નં.1 ની પશ્ચિમ તરફ મોજે.અલીખેરવાના રે.સ.નં.322 ની ઉત્તર દિશા તરફ મોજે. અલીખેરવાના રે.સ.નં.149, 9, 153, 11, 171/p, 170ની ઉત્તર દિશા તરફ બોડેલી - હાલોલ રોડ ની પૂર્વ દિશામાં મોજે. અલીખેરવા રે.સ.નં.166.

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-બોડેલી-યુનીટ-૧૦-૨૦૨૫, તા.૨૧/૧૧/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ-૨

બોડેલી નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૨૮૩૫૩		
કુલ વોર્ડની સંખ્યા	૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતી	૪૦૫૦	સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ :	૪૪૫૫
		સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ :	૩૬૪૫
બેઠકોની સંખ્યા	૨૮		
કુલ સ્ત્રી બેઠકો	૧૪		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી	
કુલ અનામત બેઠકો	૨૨		
સામાન્ય બેઠકો	૬		

અ.નં	**વોર્ડ નંબર**	**વોર્ડની વસતી**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત**
૧	૧	૩૭૪૦	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ
૨	૨	૪૧૫૨	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૪૩૯૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૩૯૮૬	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૫	૫	૩૭૨૬	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૪૨૯૭	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૪૦૫૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
કુલ		**૨૮૩૫૩**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.11.25 16:00:51 IST